સુરત એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત

# શેઠ સી.ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન

સહયોગ સોસાયટી, સુમુલ ડેરી રોડ, સુરત – 395008, ફો. : 0261 2537752

" Accredited B++ Grade by NAAC"(CGPA 2.77)

www.barfiwalacollegesurat.ac.in | cdbcollege_surat@hotmail.com

ISO 9001:2015 & ISO 14001:2015 Certified

**ગ્રાન્ટ-ઈન-એઈડ અને સ્વનિર્ભર વર્ગો**

- બી. કોમ. (એકાઉન્ટન્સી)
- એમ. કોમ. (એકાઉન્ટન્સી)
- પી.એચ.ડી ની માન્યતા ધરાવતા પ્રાધ્યાપકો

2023-24

# માહિતી પુસ્તિકા

# Prospectus


# સુરત એજયુકેશન સોસાયટી સંચાલક મંડળ

સુરત એજયુકેશન સોસાયટી સુરત શહેરમાં સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે સેવા બજાવતી સૌથી જૂની સંસ્થાઓમાંની એક પ્રગતિશીલ અને લોકપ્રિય સંસ્થા છે. આ સંસ્થાની સ્થાપના તારીખ ૯-૩-૧૯૬૬ ના રોજ સુરત શહેરમાં શૈક્ષણિક સગવડો ઉભી કરવાના હેતુથી કરવામાં આવી હતી. શેઠ સી.ડી. બરફીવાલા કોલેજ ઓફ કોર્મસનું સંચાલન આ સોસાયટી દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવે છે. આ ઉપરાંત અન્ય ૮ જેટલી શૈક્ષણિક સંસ્થાઓ પણ સુરત એજયુકેશન સોસાયટી દ્વારા ચલાવવામાં આવે છે જેમા બાલમંદિર થી પોસ્ટ ગ્રેજયુએશન સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. ઉપરાંત અનેક સામાજિક અને સેવાભાવી સંસ્થાનું સંચાલન પણ આ સોસાયટી દ્વારા કરવામાં આવે છે.

સુરત એજયુકેશન સોસાયટીના સ્થાપક પ્રમુખ સ્વર્ગસ્થશ્રી શંભુભાઈ પટેલ દ્વારા આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. સમગ્ર જીવન આ સંસ્થા માટે તેમણે અર્પણ કર્યું હતું. વહીવટી સુજબુઝ અને મજબૂત મનોબળથી સંસ્થાને આગવું સ્થાન પ્રાપ્ત કરાવેલ છે. તેમના લાગણીશીલ અને સંવેદનશીલ સ્વભાવ થકી તેઓ શંભુ દાદા ના હુલામણા નામથી આજે પણ લોકહૃદયમાં સ્થાન પામેલ છે.

હાલમાં શહેરના નામાંકિત એડવોકેટ શ્રી કમલેશભાઈ પટેલ, સ્વ. શંભુ દાદાએ કંડારેલા માર્ગ પર ચાલીને આ સંસ્થાનું પ્રમુખ પદ સંભાળી રહ્યા છે. તેઓશ્રી સુરત મર્કેન્ટાઈલ બેંક ના પ્રમુખ છે, શહેરની અનેક સામજિક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે પણ ઘનિષ્ઠતા થી સંકળાકયેલા છે, વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીમાં લો ફેકલ્ટીના ડીન, એકેડેમિક કાઉન્સિલના સભ્ય, બોર્ડ ઓફ યુનિવર્સિટી ના સભ્ય તથા સેનેટ સભ્ય તરીકે નો બોહળો અનુભવ ધરાવે છે. તેમના સહ સાથી મંત્રીશ્રી નીતિનભાઈ મહેતા તેમના સમય અને અનુભવ વડે સોસાયટીની અવિરત, નિઃસ્વાર્થ પણે યોગદાન આપી સેવા કરી રહ્યા છે. તેમની સાથે સહમંત્રી શ્રી. સનીલભાઈ પટેલ પણ પોતાની અમૂલ્ય નિઃસ્વાર્થ સેવા આપી રહ્યા છે.

## આદ્યસ્થાપક પ્રમુખ શંભુદાદા




# સ્વ. શ્રી શંભુભાઈ પટેલ

### સંચાલક મંડળના હોદેદારો



પ્રમુખશ્રી
શ્રી. કમલેશભાઈ પટેલ



મંત્રીશ્રી
શ્રી. નીતીનભાઈ મહેતા



સહ મંત્રીશ્રી
શ્રી. સનીલભાઈ પટેલ

## સોસાયટી સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ

૧. શેઠ સી.ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત.

૨. શ્રી શંભુભાઈ પી. પટેલ કોલેજ ઓફ કોમ્પુટર સાયન્સ અને બીઝનેસ મેનેજમેન્ટ, સુરત.

૩. આઈ.સી.ગાંધી હાઈસ્કુલ, સુરત.

૪. એમ.જી સીંગાપુરી ગર્લ્સ હાઈસ્કુલ, સુરત.

૫. સલાબતપુરા હાઈસ્કુલ, સુરત.

૬. બ્રાઈટલેન્ડ હાઈસ્કુલ (ગુજરાતી માધ્યમ), સુરત.

૭. મહીધરપુરા અર્બન ઈંગલીશ મીડીયમ હાઈસ્કુલ, સુરત.

૮. બ્રાઈટલેન્ડ ઈંગલીશ સ્કુલ (અંગ્રેજી માધ્યમ), સુરત.

# શેઠ સી.ડી બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ

તા. ૧૫–૬–૧૯૬૭ ના રોજ શહેરના પૂર્વ વિસ્તારની શૈક્ષણિક જરૂરિયાતને ધ્યાનમાં રાખી સુરત એજ્યુકેશન સોસાયટી દ્વારા આ કૉલેજની સ્થાપના કરવામાં આવી. જૂન ૧૯૬૭માં ૧૫૧ વિદ્યાર્થીઓથી શરૂ થયેલી આ કૉલેજમાં એફ.વાય.બી.કોમ , એસ. વાય.બી.કોમ, ટી.વાય.બી.કોમ અને એમ.કોમ ના ૨૧ જેટલા વર્ગોમાં ૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૦૬–૦૭ થી આ કૉલેજને એમ.કોમના અનુસ્નાતક વર્ગો શરૂ કરવાની પરવાનગી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તરફથી મળેલ છે. આ કૉલેજને વાણિજય વિદ્યાશાખાનો સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ શીખવવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા કાયમી જોડાણ મળેલ છે. આ કૉલેજ સરકારશ્રી તરફથી અનુદાન (ગ્રાન્ટ) મેળવતી સંસ્થા છે.

સંચાલક મંડળ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સહકારથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ થી આ કૉલેજમાં એફ.વાય.બી.કોમનાં ચાર, એસ. વાય.બી.કોમનાં બે અને ટી.વાય બી.કોમનું એક ડિવીઝન સ્વનિર્ભર ધોરણે ચાલે છે..

આ કૉલેજમાં અભ્યાસ કરી ગયેલા અનેક વિદ્યાર્થીઓ આજે ઉચ્ચ હોદ્દા પર સેવા બજાવે છે. સંસ્થામાં અભ્યાસ કરી ગયેલ અનેક વિદ્યાર્થીઓ સંસદ સભ્ય, કેન્દ્રિય પ્રધાન, યુનિવર્સિટીમાં સેનેટ સભ્ય, સીન્ડીકેટ સભ્ય, કૉલેજમાં પ્રોફેસર, આચાર્ય, શિક્ષક, સરકારી અને બિનસરકારી ઓફિસોમાં, સહકારી મંડળીઓ અને બેન્કોમાં ઉચ્ચ હોદ્દા પર સેવા બજાવે છે. આ કૉલેજમાંથી સ્નાતક ડિગ્રી મેળવીને બહાર પડેલ અનેક વિદ્યાર્થીઓ એમ.કોમ., એમ.બી.એ., સી.એ, એમ.ફીલ., પી.એચ.ડી., જેવી ઉચ્ચ ડિગ્રી મેળવી ચૂકયા છે.

આ કોલેજના પ્રીન્સીપાલ ડો. હીના સુનીલ ઓઝાના નેતૃત્વ હેઠળ કોલેજનાં વિદ્યાર્થીઓને કોલેજકાળના કારર્કીદી ઘડતરના અમુલ્ય સમયમાં શ્રેષ્ઠ શિક્ષણ અને અનેકવિધ પ્રવૃતિઓ દ્વારા ઉચ્ચ ધોરણનું શિક્ષણ અને ઘડતર કરવા કટીબધ્ધ છે.

કોલેજના પ્રાધ્યાપકો શિક્ષણ ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવે છે અને કોલેજ અને યુનિવર્સિટીમાં શિક્ષણ અને અનેકવિધ પ્રવૃત્તિઓમાં મહત્વનું યોગદાન આપી રહયા છે.

## From The Principal's Desk



# Dr. Heena Sunil Oza

M.Com., (Gold Medalist),
Ph.D, FCMA
**Research Guide for Ph.D.**

વિદ્યાર્થી મિત્રો,

ધોરણ ૧૨ માં સફળતા હાંસલ કરીને હવે જ્યારે તમે કોલેજમાં પ્રવેશ લઈ રહ્યા છો ત્યારે કારકિર્દી ઘડતરના આ ખૂબ મહત્વના અને મહામૂલા વર્ષોમાં અમો, શેઠ સી.ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ પરિવાર તમારી પ્રતિભાઓ ઉજાગર કરવા સજ્જ છીએ અને દરેક વિદ્યાર્થીનો ઉમળકાભેર સ્વાગત કરીએ છીએ.

ઉજ્જવળ આવતીકાલ માટે ઉચ્ચતર અભ્યાસ થકી શૈક્ષણિક સજ્જતા અને વ્યક્તિત્વ વિકાસ એ પાયાની જરૂરિયાતો છે અને દરેક વિદ્યાર્થીની આ સજ્જતા માટે યોગદાન આપવા માટે અમારી ક્ષમતાઓ પર વિશ્વાસ મૂકવા બદલ અમે ગૌરવ સાથે જવાબદારી અનુભવીએ છીએ.

કોલેજમાં અભ્યાસક્રમ સાથે અભ્યાસક્રમ આધારિત પ્રવૃતિઓ અને વ્યક્તિત્વ ઘડતરની અનેક પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓની પ્રતિભાને ઉજાગર કરવામાં સંસ્થાની ખાસ ભૂમિકા રહી છે જેમાં વર્ષ ૧૯૬૭ થી આજપર્યંત કોલેજના સેંકડો નામી અને અનામી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાક્ષી છે.

વિદ્યાર્થી મિત્રો, ઈતિહાસ આપણને શીખવાડે છે કે જેઓ કલ્પના કરવાની હિંમત ધરાવે છે, તેઓ વિચાર અને ક્રિયાની તમામ માનવીય મર્યાદાઓને તોડીને ઈતિહાસની ક્ષિતિજ પર શાશ્વત અસર સર્જી શકે છે અને એટલે જ ઉજ્જવળ ભવિષ્ય માટેની તમારી આકાંક્ષાઓને હાંસલ કરવામાં, તમારી મદદ કરવા માટે અમારી પાસે સુલાયકાત, અનુભવી અને સમર્પિત અધ્યાપકગણ, ઓફિસ સ્ટાફનું કાર્યક્ષમ બેકઅપ અને પ્રગતિશીલ મેનેજમેન્ટનું નેતૃત્વ છે.

વિદ્યાર્થી મિત્રો, આપણા સહુના સહિયારા અને સુમેળભર્યા સાથથી ચાલો, આજના મહામૂલા કોલેજ જીવનને ઉજવીયે અને સાથે સાથે વિકાસશીલ ભવિષ્ય માટે અને દેશના જવાબદાર નાગરિક બનવા માટે તમામ ઊર્જાને કેન્દ્રતિ કરીએ.

અનેક શુભકામનાઓ સાથે,
ડો.હિના સુનીલ ઓઝા
આચાર્યા

## કોલેજ કાયમી પ્રાધ્યાપકગણ



પ્રા. આર.પી. સીંગણપોરીયા
એસોસીયેટ પ્રોફેસર (કોમર્સ)
એમ.કોમ, બી.એડ.
૩ર વર્ષ



પ્રા. એન. બી. રાઠોડ
એસોસીયેટ પ્રોફેસર (એકાઉન્ટન્સી)
એમ.કોમ, બી.એડ.
૩ર વર્ષ



પ્રા. ડો. રોશન એસ. પટેલ
એસોસીયેટ પ્રોફેસર (એકાઉન્ટન્સી)
એમ.કોમ., પી.એચ.ડી.
૩ર વર્ષ



પ્રા. જયંતિભાઈ એમ. પટેલ
એસોસીયેટ પ્રોફેસર (અર્થશાસ્ત્ર)
એમ.એ.
૩૧ વર્ષ



પ્રા. પ્રીતીબેન એસ. પંડયા
એસોસીયેટ પ્રોફેસર (ઈંગ્લીશ)
એમ.એ
૩૧ વર્ષ



પ્રા. ડો. દીપાલી એ. ઘેલોત
એસોસીયેટ પ્રોફેસર (ગુજરાતી)
એમ.એ., એમ.એડ., પી.એચ.ડી
ર૮ વર્ષ



એડવોકેટ ડો. ચિંતન પાઠક
વીઝીટીંગ પ્રોફેસર (B.R.F)
બી.કોમ., એલ.એલ.એમ, પી.એચ.ડી.
૧૭ વર્ષ

## લાઈબ્રેરીયન



હેમાંગીની એ. દેસાઈ
લાઈબ્રેરીયન
બી.કોમ બી.લીબ. એમ.એલ.આઈ.એસસી.
૪૦ વર્ષ

## સ્વ-નિર્ભર અભ્યાસક્રમ પ્રાધ્યાપક ગણ



પ્રા. ડો. અસ્મિતા પાનસુરીયા
આસિસ્ટન્ટ પ્રોફેસર (અર્થશાસ્ત્ર)
એમ.એ. એમ.ફીલ. પી.એચ.ડી GSET
૪ વર્ષ

## મેનેજમેન્ટ દ્વારા નિયુકત એડહોક અને વિઝિટીંગ ફેકલ્ટી ગ્રાંટ-ઇન-એડ તથા સ્વ-નિર્ભર અભ્યાસક્રમ



પિયુષ એમ. મોદી
M.Com, GSET



શચિ એ. ઘેલોત
M.A. English



શેફાલી પ્રજાપતિ
M.A.GSET



ભાવિક કટારિયા
M.Com, GSET, NET



મોહંમદ અબરાર મીસ્ત્રી
M.Com, GSET



રીંકુભાઇ ચાવડા
M.Com NET



જયશ્રી એ. લાડ
M.Sc.(Statistics)



ગાયત્રી આર. ચૌધરી
M.Com, NET, GSET



કૃણાલ એમ. પરિયાવાળા
M.Com, B.Ed., GSET



મોનિલ જે. ટેલર
M.Com, GSET



જલધિશ ઈચ્છાપોરીયા
B.Com, B.P. Ed., M.P. Ed.
(SPORTS FACULTY)

## રીસર્ચ સ્કોલર



**ક્રીષ્ના મિનેષભાઈ ખમાર**
M.Com, UGC NET-JRF, GSET



**સંકેતકુમાર યોગેન્દ્ર નંદાગવળી**
M.Com, UGC NET-JRF

## એમ.કોમ અભ્યાસક્રમ પ્રાધ્યાપક ગણ

| એમ.કોમ ફેકલ્ટી | | | |
|---|---|---|---|
| ક્રમં નં. | પ્રોફેસરો ના નામ | ક્રમં નં. | પ્રોફેસરો ના નામ |
| ૧ | પ્રા. એચ. એચ. દેસાઈ | ૧૧ | પ્રા. રાકેશ પટેલ |
| ૨ | પ્રા. આર. પી. સીંગણપોરીયા | ૧૨ | પ્રા. ક્રીષ્ના ખમાર |
| ૩ | પ્રા. એન. બી. રાઠોડ | ૧૩ | પ્રા. સંકેતકુમાર નંદાગવળી |
| ૪ | પ્રા. ડૉ. રોશન એસ. પટેલ | ૧૪ | પ્રા. મોનિલ ટેલર |
| ૫ | પ્રા. જે. એમ. પટેલ | ૧૫ | પ્રા. અબરાર મિસ્ત્રી |
| ૬ | પ્રા. ડો. વિજય એસ. પટેલ | ૧૬ | પ્રા. રિન્કુ ચાવડા |
| ૭ | પ્રા. ડૉ. અસ્મિતા વી. પાનસુરીયા | ૧૭ | પ્રા. પારસમણી જાંગીદ |
| ૮ | પ્રા. નિહારીકા એચ. જોશી | ૧૮ | પ્રા. શેફાલી પ્રજાપતિ |
| ૯ | પ્રા. જી. પી કાનાની | ૧૯ | પ્રા. ચેતન જીકાદરા |
| ૧૦ | પ્રા. હેમાંગીની મકવાના | ૨૦ | પ્રા. કેનિશ મહેતા – C.A. |

## Visiting Faculty



**પ્રા. એચ. એચ. દેસાઈ**



**પ્રા. ડૉ. વિજય એસ. પટેલ**



**પ્રા. નિહારીકા જોષી**



**પ્રા. જી. પી. કાનાની**



**પ્રા. હેમાંગીની મકવાના**



**પ્રા. રાકેશ પટેલ**



**પ્રા. પારસમણી જાંગીદ**



**પ્રા. ચેતન જીકાદરા**



**પ્રા. કેનીશ મહેતા**

## કર્મચારી ગણ



દેવર્ષિ એચ. વ્યાસ



અથર્વ પંડ્યા



આશિષ એચ. પટેલ



બી. એન. પટેલ



હેમાક્ષીબેન એન જરીવાલા



રવિ એમ. શાહ



કરન ચૌહાણ



કેદાર મહેતા

## સેવકગણ



અશોકભાઈ બી. પટેલ



સાગર ઉત્તેકર



વિનોદભાઈ વાલેકર



રાજેશભાઈ શર્મા



મીનાબેન પટેલ

# સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ શીખવવામાં આવતા વિષયો :

(A) સ્નાતક કક્ષાએ (મુખ્ય વિષય : એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઓડિટીંગ)
( ગ્રાન્ટ ઈન એઈડ અને સ્વ. નિર્ભર ધોરણ )

| એફ.વાય. બી,કોમ. (સેમ ૧) | પેપર | એફ.વાય. બી,કોમ. (સેમ ૨) | પેપર |
|---|---|---|---|
| (૧) અંગ્રેજી અથવા ગુજરાતી | I | (૧) અંગ્રેજી અથવા ગુજરાતી | II |
| (૨) પર્યાવરણ અભ્યાસ (Environmental Studies) | I | (૨) પર્યાવરણ અભ્યાસ (Environmental Studies) | II |
| (૩) ધંધાકીય અર્થશાસ્ત્ર (Business Economics) | I | (૩) ધંધાકીય અર્થશાસ્ત્ર (Business Economics) | II |
| (૪) ધંધાકીય આંકડાશાસ્ત્ર (Statistics for Business) | I | (૪) ધંધાકીય આંકડાશાસ્ત્ર (Statistics for Business) | II |
| (૫) નાણાકીય હિસાબી પદ્ધતિ (Financial Accountancy) | I | (૫) નાણાકીય હિસાબી પદ્ધતિ (Financial Accountancy) | II |
| (૬) વાણિજ્ય સંચાલન (Business Administration) | I | (૬) વાણિજ્ય સંચાલન (Business Administration) | II |
| (૭) બેંકિંગ અને વીમાના મૂળતત્ત્વો (Elements of Banking & Insurance) | I | (૭) બેંકિંગ અને વીમાના મૂળતત્ત્વો (Elements of Banking & Insurance) | II |

| એસ.વાય. બી,કોમ. (સેમ ૩) | પેપર | એસ.વાય. બી,કોમ. (સેમ ૪) | પેપર |
|---|---|---|---|
| (૧) અંગ્રેજી અથવા ગુજરાતી | III | (૧) અંગ્રેજી અથવા ગુજરાતી | IV |
| (૨) સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર (Macro Economics) | III | (૨) સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર (Macro Economics) | IV |
| (૩) વાણિજ્ય સંચાલન (Business Administration) | III | (૩) વાણિજ્ય સંચાલન (Business Administration) | IV |
| (૪) નામા પદ્ધતિ અને કરવેરા (Accountancy & Taxation) | III | (૪) નામા પદ્ધતિ અને કરવેરા (Accountancy & Taxation) | IV |
| (૫) એડવાન્સ એકાઉન્ટિંગ એન્ડ ઓડિટીંગ (Advance Accounting & Auditing ) | I | (૫) એડવાન્સ એકાઉન્ટિંગ એન્ડ ઓડિટીંગ (Advance Accounting & Auditing ) | III |
| (૬) એડવાન્સ એકાઉન્ટિંગ એન્ડ ઓડિટીંગ (Advance Accounting & Auditing ) | II | (૬) એડવાન્સ એકાઉન્ટિંગ એન્ડ ઓડિટીંગ (Advance Accounting & Auditing ) | IV |
| (૭) બેંકિંગ / આંકડાશાસ્ત્ર-૩ / માર્કેટીંગ-૧ (Banking or Statistics/Marketing) | III | (૭) બેંકિંગ / આંકડાશાસ્ત્ર-૫ / માર્કેટીંગ-૩ (Banking or Statistics/Marketing) | IV |

| ટી.વાય. બી.કોમ. (સેમ ૫) | પેપર | ટી.વાય. બી.કોમ. (સેમ ૬) | પેપર |
|---|---|---|---|
| (૧) અંગ્રેજી અથવા ગુજરાતી | V | (૧) અંગ્રેજી અથવા ગુજરાતી | VI |
| (૨) ભારતીય અર્થતંત્રઃ સાંપ્રત વલણો (Indian Economy Recent Trends) | V | (૨) ભારતીય અર્થતંત્રઃ સાંપ્રત વલણો (Indian Economy Recent Trends) | VI |
| (૩) વેપારી કાયદો (Business Regulatory Framework) | I | (૩) વેપારી કાયદો (Business Regulatory Framework) | II |
| (૪) વાણિજ્ય સંચાલન (Business Administration) | V | (૪) વાણિજ્ય સંચાલન (Business Administration) | VI |
| (૫) એડવાન્સ એકાઉન્ટિંગ એન્ડ ઓડિટીંગ (Advace Accounting & Auditing) | V | (૫) એડવાન્સ એકાઉન્ટિંગ એન્ડ ઓડિટીંગ (Advance Accounting & Auditing ) | VII |
| (૬) એડવાન્સ એકાઉન્ટિંગ એન્ડ ઓડિટીંગ (Advace Accounting & Auditing) | VI | (૬) એડવાન્સ એકાઉન્ટિંગ એન્ડ ઓડિટીંગ (Advance Accounting & Auditing) | VIII |
| (૭) આંકડાશાસ્ત્ર – ૭ / બેંકિંગ – ૫ / માર્કેટીંગ – ૬ (Banking or Statistics/Marketing ) | V V | (૭) આંકડાશાસ્ત્ર – ૯ / બેંકિંગ – ૭ / માર્કેટીંગ – ૮ (Banking or Statistics/Marketing) | VII VII |

# ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સેન્ટર

| ક્રમાંક | કોર્સ | સમય | ફી | યોગ્યતાના માપદંડ |
|---|---|---|---|---|
| ૧ | પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઈન મોબાઈલ એપ્લીકેશન (PGDMAD) | ૦૨ સેમિસ્ટર | રૂ. ૭,૫૦૦/– | ગ્રેજ્યુએટ |
| ૨ | પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઈન સાયબર સિક્યુરિટી (PGDCS) | ૦૨ સેમિસ્ટર | રૂ. ૭,૫૦૦/– | ગ્રેજ્યુએટ |
| ૩ | પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઈન સાયબર લૉ (PGDCL) | ૦૨ સેમિસ્ટર | રૂ. ૭,૫૦૦/– | ગ્રેજ્યુએટ |
| ૪ | ડીપ્લોમા ઈન મલ્ટીમીડીયા એન્ડ એનીમેશન (DMA) | ૦૨ સેમિસ્ટર | રૂ. ૫,૦૦૦/– | ધોરણ ૧૦+૨ અથવા સમકક્ષ |
| ૫ | ડીપ્લોમા ઈન જર્નાલીઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન (DJMC) | | રૂ. ૫૦૦૦/– સેમિસ્ટર દીઠ | ધોરણ ૧૨ પાસ |
| ૬ | ડીપ્લોમા ઈન ફેશન ડીઝાઈનીંગ (DFD) | | રૂ. ૮૦૦૦/– સેમિસ્ટર દીઠ | ધોરણ ૧૨ પાસ |
| ૭ | સર્ટીફીકેટ ઈન સાઉન્ડ ઓડીયો એન્ડ વીડીયો ટેકનોલોજી (CSAVT) | | રૂ. ૩,૦૦૦/– | ધોરણ ૧૦+૨ અથવા સમકક્ષ |
| ૮ | સર્ટીફીકેટ ઈન જર્નાલીઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન (CJMC) | | રૂ. ૫,૦૦૦/– | ધોરણ ૧૨ પાસ |
| ૯ | સર્ટીફીકેટ ઈન ફેશન ડીઝાઈનીંગ (CFD) | | રૂ. ૮,૦૦૦/– | ધોરણ ૧૦ પાસ |

* આ ફીમાં યુની. ના નિયમો પ્રમાણે સમયાનુસાર રહેશે.

| એમ. કોમ. પાર્ટ – ૧(સેમ ૧) | પેપર | એમ. કોમ. પાર્ટ – ૧ (સેમ ૨) | પેપર |
|---|---|---|---|
| (૧) વૃદ્ધિ, વિકાસ અને આયોજનનું અર્થશાસ્ત્ર – ૧ | ૧૦૧ | (૧) વૃદ્ધિ, વિકાસ અને આયોજનનું અર્થશાસ્ત્ર – ૨ | ૨૦૧ |
| (૨) સંચાલન સિદ્ધાંત અને વ્યવહાર – ૧ | ૧૦૨ | (૨) સંચાલન સિદ્ધાંત અને વ્યવહાર – ૨ | ૨૦૨ |
| (૩) જાહેરાત અને વેચાણ સંચાલન – ૧ | ૧૦૩ | (૩) જાહેરાત અને વેચાણ સંચાલન – ૨ | ૨૦૩ |
| (૪) નાણાકીય અને સંચાલકીય હિસાબી પદ્ધતિ – ૧ | ૧૦૪ | (૪) નાણાકીય અને સંચાલકીય હિસાબી પદ્ધતિ – ૪ | ૨૦૪ |
| (૫) નાણાકીય અને સંચાલકીય હિસાબી પદ્ધતિ – ૨ | ૧૦૫ | (૫) નાણાકીય અને સંચાલકીય હિસાબી પદ્ધતિ – ૫ | ૨૦૫ |
| (૬) નાણાકીય અને સંચાલકીય હિસાબી પદ્ધતિ – ૩ | ૧૦૬ | (૬) નાણાકીય અને સંચાલકીય હિસાબી પદ્ધતિ – ૬ | ૨૦૬ |

| એમ. કોમ. પાર્ટ – ૨(સેમ ૩) | પેપર | એમ. કોમ. પાર્ટ – ૨ (સેમ ૪) | પેપર |
|---|---|---|---|
| (૧) સંગઠિત બજારો | ૩૦૧ | (૧) સંગઠિત બજારો | ૪૦૧ |
| (૨) નાણાકીય સંચાલન | ૩૦૨ | (૨) નાણાકીય સંચાલન | ૪૦૨ |
| (૩) સ્ટ્રેટેજીક મેનેજમેન્ટ | ૩૦૩ | (૩) સ્ટ્રેટેજીક મેનેજમેન્ટ | ૪૦૩ |
| (૪) નાણાકીય અને સંચાલકીય હિસાબી પદ્ધતિ – ૭ | ૩૦૪ | (૪) નાણાકીય અને સંચાલકીય હિસાબી પદ્ધતિ – ૧૦ | ૪૦૪ |
| (૫) નાણાકીય અને સંચાલકીય હિસાબી પદ્ધતિ – ૮ | ૩૦૫ | (૫) નાણાકીય અને સંચાલકીય હિસાબી પદ્ધતિ – ૧૧ | ૪૦૫ |
| (૬) નાણાકીય અને સંચાલકીય હિસાબી પદ્ધતિ – ૯ | ૩૦૬ | (૬) નાણાકીય અને સંચાલકીય હિસાબી પદ્ધતિ – ૧૨ | ૪૦૬ |

## ઈતર પ્રવૃત્તિ

કૉલેજમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે રમતગમત પ્રવૃત્તિ, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, વાદસભા, વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, શૈક્ષિણિક પ્રવાસ વગેરે પ્રવૃત્તિઓનું આયોજન કૉલેજ દ્વારા કરવામાં આવે છે. સપ્તધારા હેઠળ જુદી-જુદી ધારાઓની પ્રવૃત્તિઓનું કૉલેજ કક્ષાએ તેમજ આંતર-કૉલેજ કક્ષાએ આયોજન કૉલેજ દ્વારા કરવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં સેવાની ભાવના જાગૃત કરવા રકતદાન શિબીરનું આયોજન પણ કરવામાં આવે છે.

યુનિવર્સિટીના બંધારણ અનુસાર કૉલેજમાં સ્ટુડન્ટ્સ કાઉન્સીલની રચના કરવમાં આવે છે. કૉલેજમાં પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થીઓ સ્ટુડન્ટ્સ કાઉન્સીલના સભ્યો બને છે. સ્ટુડન્ટ્સ કાઉન્સીલના કાર્યો માટે વિવિધ સમિતિઓ રચવામાં આવે છે.

આ ઉપરાંત ગુજરાત રાજયની નોલેજ કોન્સ્ટોરીયમ ઓફ ગુજરાત (KCG) અનુસાર સપ્તધારા અંર્તગત વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામા આવે છે. ઈતર પ્રવૃતિઓના ઉદેશ વિદ્યાર્થીઓનું વ્યકિતત્વ ઘડતર દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ સાધવાનો છે.

# Sheth C.D. Barfiwala College of Commerce, Surat.

## Summer training Programme in USA

(Duration 15 days with travelling)

# Benefits of this programme...

- 30% scholarship to study in USA
- Cost effective fees
- Facilitates 10 years visitor's visa( multiple entry)
- Facility of excursion tour ( tour around the campus and out of the campus)
- forest tour of two days

# Package included:

- Air ticket ( Two way)
- 15 days accommodation with 3 times meal
- Internal travelling in USA

Terms and conditions apply*



For further details contact college office during working hours ( 9:00 to 2:00)

**Contact No. +91 97373 33576**

## આંતરિક કસોટી અને આંતરિક મૂલ્યાંકન :

દરેક વિષયમાં કુલ ગુણ ૭૦ રહેશે. જે પૈકી ૨૦ ગુણ આંતરિક મૂલ્યાંકનના અને ૫૦ ગુણ યુની. પરીક્ષાના રહેશે. દરેક વિદ્યાર્થીએ આંતરિક મૂલ્યાંકનમાં પાસ થવા માટે ૨૦ માર્ક્સ પૈકી બી.કોમ. માટે ઓછામાં ઓછા ૭ માર્ક્સ અને એમ.કોમ. માટે દરેક વિષયમાં ૮ ગુણ લાવવાના રહેશે. આંતરિક મૂલ્યાંકનમાં અડધા કરતા વધુ વિષયો (હેડ) માં નાપાસ થનાર વિદ્યાર્થી યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવા માટે ગેરલાયક ઠરે છે.

## આંતરિક મૂલ્યાંકનના ૨૦ માર્ક્સનું વર્ગીકરણ

| | |
|---|---|
| એસાઈમેન્ટ | ૫ ગુણ |
| આંતરિક કસોટી | ૧૦ ગુણ |
| હાજરી | ૫ ગુણ |
| કુલ | ૨૦ ગુણ |

## એન. એસ. એસ. અને શારીરિક શિક્ષણ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના નિયમ પ્રમાણે પ્રથમ બે વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નીચે જણાવેલ વિષય માંથી કોઈ પણ એક વિષય ફરજીયાત છે.

**NCC/NSS | SPORTS | સપ્તધારા | Lang. Lab. | SCOPE**

જેના CREDIT ૨ ગુણ અપાશે. પરંતુ આ અભ્યાસ ક્રમ ની ગણત્રી

**SGPA / YGPA / CGPA માં કરવામાં આવશે નહીં.**

કૉલેજમાં એન. એસ. એસ. ના બે યુનિટ કાર્યરત છે. એન. એસ. એસ માં જોડાયેલ વિદ્યાર્થીઓ માટે આખા વર્ષ દરમ્યાન ૧૨૦ કલાક શ્રમ કાર્ય/સેવા કાર્ય કરવાનું રહેશે. એન. એસ. એસ. માં જોડાનાર વિદ્યાર્થીઓએ જયારે અને જે સ્થળે એન. એસ. એસ. કેમ્પ રાખવામાં આવે ત્યારે કેમ્પમાં જોડાવવાનું ફરજિયાત છે. શારીરિક શિક્ષણમાં જોડાયેલ વિદ્યાર્થીઓએ પણ શારીરિક શિક્ષણમાં ૭૫ % હાજરી આપવી ફરજિયાત છે.

વિદ્યાર્થી N.S.S. માં જોડાયો હોય કે શારીરિક શિક્ષણમાં જોડાયો હોય તેમાં નિયત થયેલ કાર્ય અને નિયત થયેલ હાજરી વિદ્યાર્થી પૂરી કરશે તો જ તેમનાં સત્ર માન્ય થશે.

## કૉલેજમાં પ્રવેશ :

**(અ) પ્રવેશ માટેની લાયકાત :**

પ્રવેશ અંગેની વિગતવાર માહિતિ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સિટી Online પ્રવેશ પ્રક્રિયાની માહિતી પુસ્તિકામા સમાવિષ્ટ છે, તે મુજબની રહેશે.

**(બ) એફ. વાય. બી. કોમ. માં પ્રવેશ માટેની પ્રક્રિયા :**

(૧) પ્રથમ વર્ષ બી.કોમ. માં પ્રવેશ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા નિમવામાં આવેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પ્રવેશ સમિતિ દ્વારા આપવામાં આવે છે.

(૨) એફ. વાય. બી. કોમ. માં પ્રવેશ અંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પ્રવેશ સમિતિ દ્વારા નિયત સમયમાં કેન્દ્રિય પ્રવેશપત્ર અચૂક ભરવું. અને જરૂરી સુચનાઓનો અમલ કરવો.

(૩) મેરીટના આધારે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ આપવામાં આવશે

(ક) શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૨ થી ધોરણ ૧૨ સાયન્સ ના વિદ્યાર્થીઓ પણ કોમર્સમાં પ્રવેશ મેળવી શકશે. ધોરણ ૧૨ સાયન્સ ના વિદ્યાર્થીઓ કોમર્સ એટલે કે બી.કોમ માં પ્રવેશ માટે બ્રીજ કોર્સ પાસ કરવોનો રહેશે.

## એમ. કોમ. પ્રવેશ :

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તરફથી આ કૉલેજમાં એમ. કોમ. (કોસ્ટ એકાઉન્ટિંગ ઈન્કલુડિંગ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ) નું અનુસ્નાતક કેન્દ્ર ચાલે છે.

એમ. કોમ. માં પ્રવેશ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા નીમવામાં આવેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પ્રવેશ સમિતિ હક્ક દ્વારા આપવામાં આવશે.

## કોલેજમા ચાલતા વર્ગોની માહિતી
## એફ.વાય. બી.કોમ

### ગ્રાન્ટ-ઈન-એઈડ વર્ગો

(વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિ. ના લીસ્ટમાં શેઠ સી.ડી બરફીવાળા કોલેજનો ક્રમાંક ૨૪)

| | |
|---|---|
| કુલ વર્ગો | : 5 વર્ગો |
| એફ.વાય. બી.કોમમા પ્રવેશ માટેની સીટ | : 750 વિદ્યાર્થીઓ |
| પ્રથમ સત્ર ફી | : યુનિવર્સિટીના ધારા ધોરણ મુજબ |

### સ્વ-નિર્ભર વર્ગો

(વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિ. ના લીસ્ટમાં શેઠ સી.ડી બરફીવાળા કોલેજનો ક્રમાંક ૦૮)

| | |
|---|---|
| કુલ વર્ગો | : 3 વર્ગો |
| એફ.વાય. બી.કોમમા પ્રવેશ માટેની સીટ | : 3 વર્ગો એકાઉન્ટસી -૪૫૦(૧ વર્ગ-૧૫૦) |
| પ્રથમ સત્ર ફી | : યુનિવર્સિટીના ધારા ધોરણ મુજબ |

# સપ્તધારા અંતર્ગત પ્રવૃતિઓ








# કોલેજની ઈતર પ્રવૃતિઓની આછેરી ઝલક



# N.S.S. ની પ્રવૃતિઓની આછેરી ઝલક






























# કોલેજની સ્પોર્ટ્સ પ્રવૃત્તિઓની આછેરી ઝલક









# PLACEMENT ACTIVITIES






## સપ્તધારા અંતર્ગત વિવિધ ધારાઓ

વિદ્યાર્થીઓમાં રહેલ આંતરિક શકિતઓને બહાર લાવવાના હેતુથી સરકારશ્રી દ્વારા અમલમાં મુકાયેલ સપ્તધારા અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓનું કૉલેજ દ્વારા આયોજન કરવામાં આવે છે.

### રંગકલા કૌશલ્ય ધારા :

- સલાડ-મેકીંગ
- વાનગી સ્પર્ધા
- આરતી શણગાર
- ફોટોગ્રાફી
- મહેંદી
- CLAY-મેકીંગ (માટીમાંથી બનાવવું)
- પોસ્ટર મેકિંગ
- શીઘ્ર ચિત્ર સ્પર્ધા
- ચિત્ર સ્પર્ધા

### ખેલકૂદ ધારા :

- તિરંદાજી-ચેસ-બેડમિન્ટન-ટેબલ ટેનિશ-
- કેરમ
- કબડ્ડી-ક્રિકેટ-ખો ખો-વોલીબોલ-બાસ્કેટબોલ ઉંચી કૂદ-ચકર્ફેંક -ગોળાફેંક - બરસીફેંક
- દોડ ૧૦૦ મી., ૨૦૦મી.,૪૦૦મી.,૮૦૦મી., ૧૫૦૦મી.
- પાવર લિફ્ટીંગ-વેઈટ લિફ્ટીંગ -બેસ્ટ ફિઝિકસ

### સર્જનાત્મક અભિવ્યકિત ધારા

- કાવ્ય પઠન
- વાર્તાલેખન
- સુત્રલેખન સ્પર્ધા
- સર્જનાત્મક લેખન- નાટય, વાર્તા, નિબંધ.
- બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ

### નાટય ધારા :

- લઘુ નાટક
- એકાંકી
- મીમીક્રી
- એકપાત્રીય અભિનય

### સામુદાયિક સેવા ધારા :

- વન ભોજન
- સામાજીક સેવા
- દત્તક ગામની પ્રવૃત્તિઓ
- શૈક્ષણિક પ્રવાસ
- વન ડે કેમ્પ
- વાર્ષિક શિબિર
- રકતદાન
- જાગૃતિ અભિયાન
- વૃક્ષારોપણ
- સફાઈ કાર્ય
- રાષ્ટ્રીય દિવસની ઉજવણી

### જ્ઞાન ધારા :

- ડીબેટ
- કિવઝ
- નિબંધ
- વકતૃત્વ સ્પર્ધા
- શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા
- વાંચન શિબિર
- ગ્રંથ સમીક્ષા

### ગીત-સંગીત ધારા :

- શાસ્ત્રીય કંઠય સંગીત
- શાસ્ત્રીય વાદ્ય સંગીત
- સમુહ ગીત
- લોક ગીત
- લોક નૃત્ય
- શાસ્ત્રીય નૃત્ય
- ગરબા
- ગઝલ સ્પર્ધા
- ભજન સ્પર્ધા
- દેશભકિત ગીત
- અંતાક્ષરી સ્પર્ધા
- હળવું કંઠય સંગીત

# ગ્રંથાલય

કૉલેજમાં એક અદ્યતન અને સમૃદ્ધ લાયબ્રેરી છે, જેમાં વિવિધ વિષયોના લગભગ ૨૧૯૮૮ પુસ્તકો છે. તદ્ઉપરાંત વિવિધ વિષયોના ૫૫ જેટલા સામયિકો અને ૧૪ વર્તમાનપત્રો મંગાવવામાં આવે છે. લાયબ્રેરીમાં અલભ્ય સંદર્ભગ્રંથો પણ ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓ લાયબ્રેરીનો ભરપૂર ઉપયોગ કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. ફ્રી પીરિયડ દરમ્યાન ગ્રંથાલમાં શાંતિથી બેસીને અભ્યાસ કરવા માટે વિશાળ વાંચનકક્ષની વ્યવસ્થા કરવામાં આવી છે.

તદઉપરાંત વિદ્યાર્થીઓને અભ્યાસ પરત્વે જાગૃતતા વધે એ હેતુસર વિવિધ પ્રોત્સાહન પુરુ પાડવમાં આવે છે.

- **સ્ટાર કાર્ડ :** જે વિદ્યાર્થીઓએ અગાઉના વર્ષમાં પ્રથમવર્ગ પ્રાપ્ત કર્યો હોય તેમને સ્ટાર કાર્ડ આપવામાં આવે છે. જેના થકી તેઓ ગ્રંથાલયમાંથી વધૂ પુસ્તકો મેળવી શકે છે.

- **વિદ્યાર્થી સહાયક પુસ્તકાલય :** કોલેજમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ૧૫% ઘસારા ફી લઈને સમગ્રવર્ષ માટે પુસ્તકો આપવામાં આવે છે. યુનિવર્સિટીની વાર્ષિક પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ આરીતે લીધેલાં પુસ્તકો વિદ્યાર્થીઓએ પરત કરવાના હોય છે.

- **“ ગોલ્ડન સ્ટડીસર્કલ ” અને “ મને ગમતું પુસ્તક ” શ્રેણી :**
  કોલેજના વિદ્યાર્થીઓમાં વાંચન અને લેખન કૌશલ્ય ખીલે તથા ઈતરવાંચનને વેગમળે એ આશયે ગ્રંથાલય દ્વારા “ ગોલ્ડન સ્ટડીસર્કલ ” તથા “ મને ગમતું પુસ્તક ” શ્રેણી નિયમિતરૂપે ચલાવવામાં આવે છે. જેનો વિદ્યાર્થીઓ બહોળો ઉપયોગ કરી શકે છે. આ પ્રવૃતિમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ પૈકી સક્રીય શ્રેષ્ઠ વિદ્યાર્થીને પસંદ કરી “ શ્રેષ્ઠ વાચક ” તથા “ સૂજ્ઞ વાચક ” નું પારિતોષિક વર્ષાન્તે આપવામાં આવે છે.



## વિદ્યાર્થીઓના પ્રોત્સાહન માટે કોલેજમા અપાતા પરિતોષિકોની માહિતિ

(૧) પ્રો. શશીબેન ભુખણવાલા પારિતોષિક :- ટી.વાય.બી.કોમ ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પાસ થઈ કૉલેજમાં 'અર્થશાસ્ત્ર' વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને.
દાતા : પ્રો. શશીબેન સુનીલભાઈ ભુખણવાલા (અર્થશાસ્ત્રના નિવૃત્ત અધ્યાપક)

(૨) શ્રી લક્ષ્મણભાઈ ડાહયાભાઈ પટેલ, અનિડાવાળા (સૌરાષ્ટ્ર) પારિતોષિક :- ટી.વાય. બી. કોમ. પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પાસ થઈ વર્ગમાં કૉલેજમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને

દાતા : શ્રી બીપીનભાઈ લક્ષ્મણભાઈ પટેલ (ભૂતપૂર્વ વિદ્યાર્થી)

(૩) સ્વ. મંગીબેન નટવરભાઈ જીવણભાઈ પટેલ (નાના વરાછાવાળા) પારિતોષિક :- એસ.વાય. બી. કોમ. પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પાસ થઈ પ્રથમવર્ગમાં કૉલેજમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને

દાતા : શ્રી પરસોત્તમભાઈ નટવરભાઈ પટેલ (ભૂતપૂર્વ વિદ્યાર્થી - નાના વરાછા)

(૪) શ્રી અંબુભાઈ રણછોડભાઈ પટેલ (દેલાડ) પારિતોષિક :- એફ.વાય. બી.કોમની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પાસ થઈ પ્રથમવર્ગમાં કૉલેજમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને

દાતા : પ્રિ..સ્વ. ડો. ડી. એ. પટેલ (ભૂતપૂર્વ વિદ્યાર્થી, અધ્યાપક અને ભૂતપૂર્વ આચાર્ય)

(૫) પ્રિ. જે.બી. શાહ પારિતોષિક :- એમ.કોમ-૧ તથા એમ.કોમ-૨ ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પાસ થઈ પ્રથમ વર્ગમાં કૉલેજમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને.

(૬) પ્રિ. જે.બી. શાહ પારિતોષિક :- પ્રતિવર્ષ કૉલેજ દ્વારા આયોજિત પ્રિ. જે.બી. શાહ પુરસ્કૃત આંતર કૉલેજ વકતૃત્વ સ્પર્ધાના વિજેતાઓને.

(૭) આઈ.વી. પટેલ ફાઉડેશન ફોર એજ્યુકેશન લર્નિંગ એન્ડ રીસર્ચ દ્વારા શંભુભાઈ પટેલ શિક્ષણ પ્રતિભા એવોટર્ડ - દર વર્ષે FY, SY, TY, M.Com

(૮) ખાસ કિસ્સામાં ફી શીપ / સ્કોલરશીપ

## સ્કોલરશીપ યોજના

અમારી કોલેજમાં બી.કોમ, એમ.કોમ, માં અભ્યાસ કરતા (SC/ST/SEBC-OBC/OPEN(EWS)) તમામ કેટેગરીના વિદ્યાર્થીઓને સરકારશ્રીની યોજનાની સ્કોલરશીપ મળે છે.

| | | |
|---|---|---|
| SC | : | વિદ્યાર્થીઓને સરકારશ્રીના ધારાધોરણ મુજબ સ્કોલરશીપ મળવાપાત્ર છે. (Freeship Card ધરાવતા વિદ્યાર્થીઓને સંપૂર્ણ ટયુશન ફી સહિત સ્કોલરશીપ મળવા પાત્ર છે.) |
| ST | : | વિદ્યાર્થીઓને સરકારશ્રીના ધારાધોરણ મુજબ સ્કોલરશીપ મળવાપાત્ર છે. (Freeship Card ધરાવતા વિદ્યાર્થીઓને સંપૂર્ણ ટયુશન ફી સહિત સ્કોલરશીપ મળવા પાત્ર છે.) |
| SEBC-OBC | : | વિદ્યાર્થીઓને સરકારશ્રીના ધારાધોરણ મુજબ સ્કોલરશીપ મળવાપાત્ર છે. |
| OPEN(EWS) | : | સરકારશ્રીની મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના (MYSY) માં ધોરણ - ૧૨ માં ૮૦ ટકા કરતા વધારે પર્સન્ટાઈલ હોય તેવા તમામ કેટેગરીના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળવાપાત્ર છે. |

- દરેક સ્કોલરશીપ માટે સરકારશ્રીની જાહેરાત આવ્યા બાદ ફોર્મ ભરી શકશો. તમામ સ્કોલરશીપ સરકારશ્રીના ધારાધોરણ અને નિયમોને આધીન રહેશે.

# Vision

To have a transformational impact on students through comprehensive education by inculcating qualities of competence, confidence and excellence.

# Mission

- To instill managerial zeal and develop skilled human resource to meet with contemporary challenges.
- To facilitate young adult learners with opportunities. Education by its very nature is a transformative process. With a mission towards forecasting a knowledge based society, providing "quality education" serves as a gateway to the socio-cultural and economic development of an individual and the country. This institutional special dimension has been provided to prepare them for effective and skillful communication as well as drive them towards self- expression and creativity.

## OBJECTIVE

The main objective of the institution is to transform the students into well meaning citizens through a committed pattern of instructions based on carefully prepared and well designed curricular aspects.


સુરત એજયુકેશન સોસાયટી દ્વારા સંચાલિત

**શેઠ સી.ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સીટી સાથે સંલગ્ન

સહિયોગ સોસાયટી, સુમુલ ડેરી રોડ, સુરત – 395008, ફો. : 0261 2537752

www.barfiwalacollegesurat.ac.in | cdbcollege_surat@hotmail.com




સુરત એજયુકેશન સોસાયટી દ્વારા સંચાલિત

# શેઠ સી.ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સીટી સાથે સંલગ્ન

સહિયોગ સોસાયટી, સુમુલ ડેરી રોડ, સુરત – 395008, ફો. : 0261 2537752

cdbcollege_surat@hotmail.com www.barfiwalacollegesurat.ac.in